©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, FEBRUARY 5, 2026 / MAGHA 16, 1947 [No. 06

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.

AGRICULTURE, FARMERS WELFARE AND CO-OPERATION DEPARTMENT

NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 22nd January, 2026

No. GHKH/07/2026/ACD/AMR/e-file/2/2025/2684/KH:- In exercise of the power conferred by Section 162 of the Gujarat Co-operative Societies Act, 1961 (Guj. X of 1962) (herein after referred to as "the said Act"), The Government of Gujarat hereby delegates the powers of Registrar under section 159 of said act to the officer specified in Column (2) of the Schedule below, to recover amounts, interest, and costs as specified in Column (3) and recognizes Co-operative Federal Societies specified in Column (3) of the Schedule under Section 95(1) of said act for supervision of its members for a period of two years from the date of this Notification.

Sr. No.	Officer	Co-operative Federal Society
1	**2**	**3**
1.	Managing Director	The Gujarat state Co-operative Housing Finance Corporation Ltd.

By order and in the name of the Governor of Gujarat,

N. B. JADAV,

Under Secretary (Co-operation) to Government.

નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જાન્યુઆરી, ૨૦૨૬

ક્રમાંક: GH/NJ/2026/11/ક શાખા:- ગુજરાત પાણી અને ગેસની પાઈપલાઈન (જમીનમાં વપરાશકારોનો હક્ક સંપાદિત કરવા બાબત) અધિનિયમ-૨૦૦૦ની જોગવાઈઓ હેઠળ પાનમ યોજના વર્તુળ, ગોધરાની પાણીની ઉદ્વવહન પાઈપલાઈનની કામગીરી સંદર્ભે કોમ્પીટન્ટ ઓથોરિટીની નિમણૂક.

અધીક્ષક ઈજનેરશ્રી, પાનમ યોજના વર્તુળ, ગોધરાના તા.૦૫/૦૧/૨૦૨૬ના પત્ર ક્રમાંક: PPC/0022/01/2026ના અનુસંધાને Engineering, procurement and Construction (EPC) Contract FOR (I) LIFTING WATER FROM RESERVOIR BY INTAKE WELL AT SAGWADA & ALU VILLAGE. (II) LIFTING WATER FROM SANTROAD WEIR (III) OPERATION AND MAINTENANCE OF L. I. PROJECT FOR 5 YEARS ની કામગીરી સંદર્ભે પંચમહાલ જિલ્લાના મોરવા (હ) તાલુકાના વિવિધ ગામોના તળાવો ભરવા માટે પાનમ જળાશય આધારિત તેમજ સંતરોડ વિયર આધારિત તેમજ સંતરોડ વિયર આધારિત ઉદ્વવહન સિંચાઈ યોજનાના કામનો રૂ.૩૧.૩૩ કરોડનો ઈજારો હાલ બહાર પાડવામાં આવેલ છે. સદર પાઈપલાઈન યોજનાની પથરેખા આખરીકરણ કરવામાં આવેલ છે. આ સુચિત પાઈપલાઈન યોજનામાં ૨૦૦ મીલીમીટર થી ૯૦૦ મીલીમીટર વ્યાસની પાઈપલાઈન જમીન નીચે અંદાજીત ૧.૫૦ મીટરથી લઈ ઉડાઈએ નાંખવામાં આવશે. સદર પાઈપલાઈન જમીન નીચે નાખવા માટે પથરેખામાં આવતા જમીન માલિક/ખેડૂત ખાતેદારોની તેમજ સરકારી અને વન વિભાગની જમીનનો લાઈનમાં મરામત અને જાળવણી માટે જમીનમાં ઉપયોગ સારૂ વપરાશી હક્કો સંપાદિત કરવા સંદર્ભે જમીનમાં વપરાશકારોનો હક્ક સંપાદિત કરવાના "ગુજરાત પાણી અને ગેસની પાઈપલાઈન (જમીનમાં વપરાશકારોનો હક્ક સંપાદિત કરવા બાબત) અધિનિયમ-૨૦૦૦" ની જોગવાઈઓ મુજબ રજૂઆતવાળી કામગીરીમાં કોમ્પિટન્ટ ઓથોરિટી તરીકે "કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, ગોધરા"ની નિમણૂક કરવામાં આવે છે.

જે. જી. બરવાળીયા,

સરકારના ઉપસચિવ (મ.ગુ.).

નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૬

ક્રમાંક: GH/NJ/2026/12/ક શાખા:- ગુજરાત પાણી અને ગેસની પાઈપલાઈન (જમીનમાં વપરાશકારોનો હક્ક સંપાદિત કરવા બાબત) અધિનિયમ-૨૦૦૦ની જોગવાઈઓ હેઠળ પાનમ યોજના વર્તુળ, ગોધરાની પાણીની ઉદ્વવહન પાઈપલાઈનની કામગીરી સંદર્ભે કોમ્પીટન્ટ ઓથોરિટીની નિમણૂક.

અધીક્ષક ઈજનેરશ્રી, પાનમ યોજના વર્તુળ, ગોધરાના તા.૦૯/૦૧/૨૦૨૬ના પત્ર ક્રમાંક: PPC/0062/01/2026ના અનુસંધાને એન્જીનીયરીંગ, પ્રક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન (ઈપીસી) કોન્ટ્રાક્ટ ફોર ગ્રેવીટી ફૂલો પાઈપલાઈન પ્રોજેક્ટ ફ્રોમ પાનમ હાઈલેવલ કેનાલ ટુ પાનમ મેઈન કેનાલ યોજના માં ૧૩૬૬.૮૦ મીલીમીટર વ્યાસની પાઈપલાઈન જમીન નીચે અંદાજિત ૧.૫૦ મીટરથી ૩.૫૦ મી. ઊંડાઈએ નાખવામાં આવશે. પાઈપલાઈન જમીન નીચે નાખવા માટે પથરેખામાં આવતા જમીન માલિક/ખેડૂત ખાતેદારોની તેમજ સરકારી અને વન વિભાગની જમીનનો લાઈનમાં મરામત અને જાળવણી માટે જમીનમાં ઉપયોગ સારૂ વપરાશી હક્કો સંપાદિત કરવા સંદર્ભે જમીનમાં વપરાશકારોનો હક્ક સંપાદિત કરવાના "ગુજરાત પાણી અને ગેસની પાઈપલાઈન (જમીનમાં વપરાશકારોનો હક્ક સંપાદિત કરવા બાબત) અધિનિયમ-૨૦૦૦"ની જોગવાઈઓ મુજબ રજૂઆતવાળી કામગીરીમાં કોમ્પિટન્ટ ઓથોરિટી તરીકે "કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, ગોધરા"ની નિમણૂક કરવામાં આવે છે.

જે. જી. બરવાળીયા,

સરકારના ઉપસચિવ (મ.ગુ.).

નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬

ક્રમાંક: GH/NJ/2026/17/Section I:- ગુજરાત પાણી અને ગેસની પાઈપલાઈન (જમીનમાં વપરાશકારોનો હક્ક સંપાદિત કરવા બાબત) અધિનિયમ-૨૦૦૦ના કલમ-૨ની જોગવાઈ હેઠળ અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકામાં તેમજ ગાંધીનગર જિલ્લાના કલોલ અને ગાંધીનગર તાલુકામાં કોન્ક્રીટ NP-3 પાઈપલાઈન થકી તળાવોના આંતરિક જોડાણની કામગીરી સંદર્ભે સક્ષમ સત્તાધિકારીની નિમણૂક:-

અધીક્ષક ઈજનેરશ્રી, ગાંધીનગર પંચાયત સિંચાઈ વર્તુળ, ગાંધીનગરના તા.૧૯/૦૧/૨૦૨૬ના પત્ર ક્રમાંક: ગાં.પં.સિં.વ./અમદાવાદ/૨૦૦/૨૦૨૬ના અનુસંધાને અમદાવાદ જિલ્લાના સાણંદ અને બાવળા તાલુકામાં તેમજ ગાંધીનગર જિલ્લાના કલોલ અને ગાંધીનગર તાલુકામાં કોન્ક્રીટ NP-3 પાઈપલાઈન થકી તળાવોના આંતરિક જોડાણની કામગીરીમાં પાઈપલાઈન જે ગામોમાંથી પસાર થાય છે, તે ગામોની જમીનનો પાઈપલાઈન નાખવાની કામગીરી માટે વપરાશ/ઉપયોગ કરવાની જરૂરિયાત હોવાથી, પાઈપલાઈન નાખવાની કામગીરી દરમિયાન જમીન માલિકોના ખેતરોમાં ઉભા પાકોને તેમજ અન્ય નુકસાન થવાની સંભાવના હોવાથી, પાઈપલાઈન નાખવાની કામગીરી દરમિયાન કોઈ અવરોધ ન થાય તે માટે, પાઈપલાઈન નાખવાની કામગીરીના સમયગાળા પૂરતું પથરેખામાં આવતી જમીનનો ઉપયોગ કરવા સારૂ વપરાશી હક્કો સંપાદિત કરવા સંદર્ભે જમીનમાં વપરાશકારોનો હક્ક સંપાદિત કરવાના “ગુજરાત પાણી અને ગેસની પાઈપલાઈન (જમીનમાં વપરાશકારોનો હક્ક સંપાદિત કરવા બાબત) અધિનિયમ-૨૦૦૦” ની કલમ-૨ની જોગવાઈ મુજબ સક્ષમ સત્તાધિકારી (Competent Authority) તરીકે “કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, અમદાવાદ”ની નિમણૂક કરવામાં આવે છે.

એચ. વી. કટારા,

સરકારના ઉપસચિવ (પં.).

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.05 19:06:18 IST